બનાસકાંઠામાં વધુ ૭ કેસ

પાલનપુર

બનાસકાંઠામાં શનિવારે વધુ ૩ વ્યક્તિને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે બીજી તરફ નવજાત બે બાળકોની માતાઓ સાજી થતાં રજા અપાઈ હતી.

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે વધુ ૩ વ્યક્ત કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના કાંકરેજના માં ૧, ડીસાના રાજપુરમાં ગામે એક તેમજ ધનેરના વાસણ ગામે એક કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૦ થવા પામી છે. જ્યારે કોરોનાથી કુલ ૫ વ્યક્તિઓના મોત થયા છે. બીજી તરફ બનાસકાંઠાના વડગામ તાલુકાના મેતા ગામના ૧ સગર્ભા માતા અને તે જ તાલુકાના વેસા ગામના ૧ સગર્ભા માતા કોવિડ બીમારીમાંથી સ્વસ્થ થતા તેઓને નવજાત શિશુઓ સાથે રજા આપવામાં આવી છે. પણ સ્વસ્થ છે. અગાઉ તબક્કાવાર ૭૪ દર્દીઓ સ્વસ્થ થતા તેઓને રજા આપવામાં આવેલ છે. ૯૨ % દર્દીઓ આ સંક્રમણમાંથી સ્વસ્થ થઇ ગયા છે.

અરવલ્લી માટે કોરોના જીવલેણ બન્યો

કેસ ફેટાલિટી રેટ ૪.૨૩ ટકા પહોંચ્યો, મોડાસા શહેરમાં ૩૭ દર્દીમાંથી ૪ના મોતથી ફફડાટ

ભારતમાં કોરોના વાયરસ મહામારીના ફેલાતા પ્રકોપની વચ્ચે કોરોના વાયરસના કેસમાં મૃત્યુદર ૩ ટકાથી ઘટીને ૨.૮ ટકા પહોંચતા દેશ માટે સારા સમાચાર આવ્યા છે કેસ ફેટાલિટી રેટ એટલે કે ઝ્હ્ઇ પોઝિટીવ જોવા મળેલા તમામ દર્દીઓમાંથી કેટલાં ટકાના મોત થયા છે તે બતાવે છે બીજી બાજુ અરવલ્લી જીલ્લામાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે, જીલ્લામાં ૧૧૮ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા છે. જીલ્લાનો સીએફઆર રેટ ૪.૨૩ ટકા છે ત્યારે મોડાસા શહેરમાં કોરોનાના ૩૭ દર્દીઓમાંથી ૪ લોકોના મોત નિપજતા મૃત્યુદર કાબુમાં નહિ આવે તો સીએફઆર રેટમાં મોડાસા શહેર અને વસ્તીને દ્રષ્ટિએ સમગ્ર દેશમાં મોડાસા શહેર પ્રથમ નંબરે થોડા સમયમાં પહોંચી જાય તો નવાઈ નહિ..? આરોગ્ય વિભાગના સૂત્રો પણ આવું જ કઈ કહી રહ્યા છે. જે રીતે શહેરમાં લોકલ સંક્રમણને લીધે કુદકેને ભૂસકે કોરોનાનું સંક્રમણ અને મૃત્યુ આંક વધી રહ્યો છે તે જોતા નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. આરોગ્યતંત્ર નક્કર કાર્યવાહી નહિ કરે અને પ્રજાજનો પણ સાવચેતી નહિ દાખવે તો મોડાસામાં કોરોના તાંડવ મચાવી શકે છે.

દેશમાં કોરોનાનો ખતરનાક વાયરસ દેશમાં ઓછો ઘાતક સાબિત થઈ રહ્યો છે. બીજી બાજુ મોડાસા શહેરમાં કોરોના પ્રાણઘાતક બની રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો હોય તેમ સમગ્ર જીલ્લામાં કોરોનાથી થયેલ ૫ મોતમાંથી મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો સૌથી વધુ ખતરાનો ભય છે, તેવા ભાગોળ અને આજુબાજુ સોસાયટી વિસ્તારના ૪ લોકોને કોરોનાનો કાળ ભરખી ગયો છે જેમાં બે કોરોનાગ્રસ્ત દર્દીઓએ છેલ્લા ૧૨ કલાકમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો છે. સતત વધી રહેલા મૃત્યુ આંકથી નગરજનો ભયભીત બન્યા છે.

શહેરના લઘુમતી વિસ્તારમાં સતત કોરોનાના કેસ પોઝેટીવ મળી આવતા કોમ્યુનિટી ટ્રાન્સમિશનનું જોખમ ઉભું થયું છે. ભાગોળ વિસ્તાર અને કસ્બા વિસ્તારમાં ગીચ વસ્તીમાં ફેલાયેલ કોરોનાની મહામારીને નાથવા આરોગ્યતંત્રએ લોકલ સંક્રમણ થતું અટકાવવા કોરોના પોઝેટીવ દર્દીઓની કોન્ટેક હિસ્ટ્રી શોધી તાત્કાલિક કોરન્ટાઈન કરવામાં આવે. આક્રમક ટેસ્ટિંગ કરવામાં આવે તથા સમગ્ર વિસ્તારમાં સઘન સર્વે અને થર્મલ સ્કીનિંગની કામગીરી કરવાની સાથે નક્કર કાર્યવાહી કરવામાં આવે તો કોરોના બેકાબુ બની અનેક લોકો અજગરી ભરડામાં સપડાઈ શકે છે. મુસ્લિમ સમાજના લોકોમાં આરોગ્યતંત્ર નક્કર કાર્યવાહી કરી કોરોના પ્રસરતો અટકાવે તેવી આશા સેવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં કોરોના વાયરસને લઈને રેડ ઝોન બનેલા મોડાસા શહેરમાં ચોથા લોકડાઉનમાં અપાયેલી છૂટછાટો બાદ જનજીવન જાણે રાબેતા મુજબનું ના હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. લોકો બિન્દાસ્ત બની બજારોમાં ખરીદી કરવા અને અન્ય કામકાજ અર્થે મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. બજારમાં કેટલાક વેપારીઓ અને લોકો માસ્ક પણ દંડથી બચવા પહેરતા હોય તેમ ગાળાની નીચે લટકાવી રાખે છે તેમજ ધંધા રોજગારના સ્થળોએ બેંક, પોસ્ટ બજારોમાં સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાતું ન હોવાથી લોકલ સંક્રમણ વધશે તેવી ભીતિ સેવાઈ રહી છે. મોડાસા શહેરમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લોકડાઉનના નક્કી કરેલ નિયમોનું ચુસ્ત અમલ થવો જોઈએ તેમાં ઢીલાસ જોવા મળી રહી છે શહેરીજનો જાણે હવે લોકડાઉનની થાક્યા હોય તેમ બહાર નીકળી રહ્યા છે.

પૌત્રએ સમયસર સારવાર ન મળતી હોવાનો ખોટો આક્ષેપ કરનાર કમનસીબ દાદાનું કોરોનાથી મોત

મોડાસાના દાઉદભાઈ સુથારને અન્ય શારીરિક તકલીફો હોવાની સાથે શંકાસ્પદ કોરોનાના લક્ષણો જોવા મળતા મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલના તબીબોએ દાઉદભાઈને હિંમતનગર સારવાર અર્થે ખસેડવા જણાવ્યું હતું પરંતુ પરિવારજનોએ અહીજ સારવાર કરવા તબીબોને જણાવતા તબીબોએ સારવાર હાથ ધરી હતી. વૃધ્ધનો કોરોનાનો રિપોર્ટ ચાર દિવસ થવા છતાં નથી આવ્યો અને દાઉદભાઈ સારવાર વગર કણસી રહ્યા હોવાનો તેમના કોરોના પોઝેટીવ પુત્ર ઇરફાને બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો જેથી તંત્રમાં હડકંપ મચ્યો હતો. જોકે દાઉદભાઈના પુત્રએ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થયાના ગણતરીના કલાકોમાં પત્રના માધ્યમથી કોવીડ હોસ્પિટલની સેવાઓ બિરદાવી હતી અને વિડીયો વાયરલ કરનાર પુત્રએ પણ કોવીડ હોસ્પિટલમાં સારી સારવાર મળતી હોવાનો અને તેને વિડીયો ખોટી રીતે બનાવ્યો હોવાનો અન્ય વિડીયો બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો. ત્યારે વૃદ્ધ દાઉદભાઈ કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવ્યાના ગણતરીના કલાકોમાં મોત નિપજતા ચકચાર મચી હતી.

મોડાસાની આરોગ્યકર્મી રચના પંડ્યા

માતા બનવાની ખુશીથી વધુ કન્ટેન્ટમેન્ટ એરિયામાં ફરજ બજાવતા ખુશી અનુભવતી કોરોના વોરિયર્સ

આમ તો માતૃત્વ ધારણ કરવાનો પહેલો પ્રસંગ હોય તેની ખુશી સૌથી વધારે માતાને હોય, જે પોતાના આવનાર બાળકને લઈ સૌથી વધારે ચિંતિત હોય, તો વળી સર્ગભા અવસ્થામાં ઘરનો ઉંબરો ઓળંગી બહાર જવાનું ય મહિલાઓ મુનાસીબ માનતી નથી ત્યારે કોરોના જેવી મહામારીમાં પોતાના ઉદરમાં ઉછરતા ગર્ભની સાવચેતી રાખી લોકોના આરોગ્યની દરકાર કરી સાચા અર્થમાં કોરોના યોદ્ધા તરીકે મોડાસાની આરોગ્ય કર્મચારી રચના પંડ્યા ફરજ બજાવી રહી છે. કંટેનમેન્ટ વિસ્તારમાં લોકોને હિંમત આપવાની સાથે મિલનસાર સ્વભાવથી લોકજાગૃતિનું કામ પણ કરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનો પ્રભાવ ગામથી લઈ શહેર સુધી વિસ્તર્યો કે ૧૧૮ લોકો કોરોનાથી સંક્રમિત થયા એમાંય એકલા મોડાસા શહેરમાં જ ૩૭થી વધુ કોરોના પોઝિટીવના કેસ નોંધાયા જેને લઈ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરાયા એવા વિસ્તારમાં માત્ર જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ તેમજ આવશ્યક સેવાઓ સિવાય અન્ય તમામ પર પ્રતિબંધ આવી ગયો, ત્યારે સૌથી મોટી જવાબદારી આરોગ્ય વિભાગના શિરે આવી જાય છે, આવા કોરોના પ્રભાવિત વિસ્તારમાં અન્ય લોકો સંક્રમિત ન થાય તે માટે લોકોના આરોગ્ય સરવે હાથ ધરાય છે અને આ સરવેના પાયામાં કામ કરે છે ફિમેલ હેલ્થ વર્કર. શહેરમાં કોરોનાના ૩૭ કેસ હોય ને એમાંય ૪ લોકોના મોત નિપજ્યા છે આ વિસ્તારમાં જવાના નામ માત્રથી પગ ધ્રુજી ઉઠે ત્યારે પોતાના ઉદરમાં ઉછરતા પાંચ માસના ગર્ભ સાથે લોકોને કોરોનાથી બચાવવાનું કામ મોડાસા તાલુકા આરોગ્ય કેન્દ્રમાં કામ કરતી ફિમેલ હેલ્થ વર્કર રચના પંડ્યા કરી રહી છે.

કોરોનાનું સંક્રમણનું જોખમ વૃધ્ધો-બાળકો અને સર્ગભા મહિલાઓ પર હોય છે. મોડાસા શહેર કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં હેલ્થ સ્ક્રિનિંગ કરી ૨૪ વર્ષિય રચના પંડ્યાના જણાવ્યા અનુસાર,બે વર્ષ અગાઉ જ આ નોકરીમાં જોડાઇ, જેમાં લોકોના આરોગ્યની ચિંતાએ અમારી કામની પ્રાથમિકતા છે. તો અત્યારે ચાલતા કોરોનાની મહામારીમાં જો બધા જ ઘરમાં રહે તો કોઈએ તો આગળ આવવું પડશે ને, અત્યારે અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાની અસરમાં આવી ગયા છે ત્યારે મારા પતિ પણ એક આરોગ્ય કાર્યકર તરીકે ભિલોડા તાલુકામાં કામ કરી રહ્યા છે ત્યારે તેમણે પણ સર્વેની કામગીરી સતત ચાલુ હોય તો અમારે પતિ-પત્નીને જોડે રહેવુ અશક્ય હતું તો મારી આવી પરિસ્થિતિમાં કોઇ વ્યક્તિતએ તો જોડે હોવુ જોઇએ, જેથી મારી મમ્મી ગોધરાથી અહિ આવી ગયા એ પણ મારા બે ભાઈઓ અને પપ્પાને ત્યાં જ મુકી ને.

કોરોનાના શરૂઆતના તબક્કેથી જ અમે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ચાલતી તે સમયથી પરીક્ષાર્થીઓનું થર્મલ સ્કિનિંગથી લઈ, લોકોન હોમ કોરોન્ટાઇન કરવાના,સર્ગભા મહિલાઓનુ સર્વે અને હેલ્થ એજ્યુકેશન આપવાનું કામ કર્યુ જેના પરીણામે પ્રથમ તબક્કામાં ઓછા કેસ નોંધાયા,વધુ વાત કરતા રચના કહે છે, પોતાના માતા બનવાની ખુશી વધારે હોય પણ તેથીય વધુ ખુશી ત્યારે મળે જયારે સામાન્ય લોકોને અહેસાસ કરાવીએ કે કોરોનાના કપરા સમયે આરોગ્ય તંત્ર કાયમ આપના પડખે જ છે.

સર્ગભા અવસ્થામાં પણ કોરોના પ્રભાવિત વિસ્તારમાં જઈ આરોગ્યનુ સરવે કરતી રચનાના રચનાત્મક કદમ કોરોનાને જરૂર હરાવશે. સ્વહિત કરતા જન હિતની ચિંતા કરતા આવા અનોખા કોરોના વોરીયરને સાચે જ દિલથી જ સલામ કરવાનું મન થાય.

અરવલ્લી જિલ્લામાં ૪૭૧ ઘરોના ૨૨૨૨ લોકોનું હાઉસ ટુ હાઉસ સર્વે કરાયો

કોરોનાના મોડાસામાં ચાર અને ભિલોડા-માલપુરમાં એક-એક કેસ નોંધાયો

અરવલ્લી જિલ્લામાં શનિવારના રોજ મોડાસામાં ચાર અને ભિલોડા-માલપુરમાં કોરોના પોઝિટીવ એક-એક કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો આંક ૧૧૮ પંહોચ્યો છે. જયારે કોરોના સંક્રમિત એક દર્દીનું મોત થતા સાથે જિલ્લામાં અત્યાર સુધી ચાર લોકોના મોત થયા છે. જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જણાવ્યું હતું કે, જિલ્લામાં શનિવાર રોજ કોરોના પોઝિટીવના ૬ નવા કેસ નોંધાયા છે. જેમાં મોડાસાના ચાર,અને ભિલોડા-માલપુરના એક-એક કેસનો સમાવેશ થાય છે. જેને લઇ અન્ય લોકો સંક્રમિત ન થાય તેની તકેદારીના ભાગરૂપે નિયત્રિંત વિસ્તારમાં આરોગ્યની ૮ ટીમોદ્વારા ૪૭૧ ઘરોની ૨૨૨૨ લોકોનું ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરવામાં આવી છે તે પૈકી ૧૫૩ વ્યક્તિઓને કોરોનાને શંકાસ્પદ કોરાનાના લક્ષણ જણાતા હોમકોરેનન્ટાઇન કરવામાં આવ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધી ૧૧૮ કેસ નોંધાયા છે. જેમાં શનિવારે નોંધાયેલ ૬ કેસ પૈકી મોડાસાના ૫૯ વર્ષિય પુરૂષને વધુ સારવાર અર્થે હિંમતનગર કોવિડ હોસ્પિટલ ખાતે રીફર કરાયા હતા. જયાં તેમનું મોત થયુ હતું. જેને લઇ જિલ્લામાં ભિલોડાના એક અને મોડાસાના ત્રણ મળી કુલ ચાર લોકોના મોત થયા છે.

સાબરકાંઠામાં વધુ ૧ કેસ : કુલ ૯૨ કેસ

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો ખોફ છેલ્લા ત્રણ દિવસથી ઘટી રહ્યો હતો પરંતુ રવિવારે સવારે હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામમાં એક ૬૦ વર્ષીય વૃધ્ધનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના પોઝીટીવ કેસોની સંખ્યાનો આંક ૯૨ પર પહોંચ્યો છે. રવિવારે કોરોના સામે લડાઈનો જંગ જીતી સારવાર બાદ સાજા થયેલા પાંચ દર્દીઓને રજા આપવામાં આવી હતી.

આ અંગે આરોગ્ય વિભાગના સુત્રોના જણાવાયા મુજબ જિલ્લાના તમામ તાલુકાઓમાં કોરોનાએ ભરડો લીધો હોવાને કારણે ઓછાવત્તા પ્રમાણમાં લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા છે. દરમિયાન કોરોનાથી વધુ સંક્રમણ ન થાય તે માટે સરકાર દ્વારા અત્યાર સુધીમાં ચાર વખત લોકડાઉન અમલી બનાવાઇ રહ્યુ છે. જેના લીધે જિલ્લામાં ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા હોય તેવી સ્થિતિમાં છે. જોકે લોકડાઉનમાં અપાયેલી છૂટછાટ બાદ થોડુક જનજીવન ધબકતુ થઈ રહ્યુ છે. જેના લીધે બજારોમાં ચહલ પહલ જોવા મળી રહી છે. દરમિયાન રવિવારે હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામમાં ૬૦ વર્ષીય વૃધ્ધનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આમ હવે જિલ્લામાં આદિવાસી વિસ્તારના ગામડાઓમાં પણ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે છુટથી બજારમાં કારણ વગર ફરતા લોકોએ સાવચેતી રાખવાની જરૂર છે. નહીંતર આગામી દિવસોમાં કોરોનાની સંખ્યામાં ચિંતાજનક વધારો થાય તો નવાઈ નહી.

ભિલોડા ભારત વિકાસ પરિષદ દ્વારા શ્રમજીવીઓને છાશનું વિતરણ

ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતા પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે. સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, સમર્પણના સુત્ર સાથે સંકળાયેલ ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખા ધ્વારા શ્રમજીવીઓને છાશનું વિતરણ કરાયું હતું. ભિલોડા તાલુકાના નારણપુર, ભુતાવડ, ધોલવાણી અને સિલાસણ ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં મનરેગા યોજના અંતર્ગત કામકાજ કરતા શ્રમજીવીઓને સેવાભાવી દાતા રામઅવતાર શર્મા તરફથી છાશનું વિતરણ કરાયું હતું. મનરેગાનું કામકાજ કરતા શ્રમજીવીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

તલોદ નગરપાલિકાની ઓફિસમાં લીફટ મૂકવા માંગ

તલોદ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ નગરપાલિકાની બિલ્ડીંગના ત્રીજા માળ સુધી પહોંચવા લીફટની કોઈજ સુવિધા નહીં હોવાથી અરજદારો-કર્મચારીઓ તથા કેટલાક સદસ્યો પણ ભારે આપદાનો ભોગ બનતાં ત્રાહિમામ પોકારી રહ્યા છે.

તલોદ બજારની મધ્યમાં તલોદનગર સેવાસદન રાજીવ ગાંધી ભવન નામની નગરપાલિકાની ઈમારતના ત્રીજા માળે વહીવટી કચેરીઓ આવેલી છે. જેમાં નાના કામ માટે પણ અરજદારો, મુલાકાતીઓને ત્રણ-ત્રણ માળના દાદર(સીડી) ચડીને જવુ પડે છે. ગ્રાઉન્ડફલોર ઉપરથી દાદરના પગથીયા ચઢીને ત્રીજે માળે પાલિકાની ઓફિસ સુધી પહોંચે ત્યારે મહદ્‌અંશે તમામ વ્યક્તિને બે મિનિટનો વિરામ લેવાની ફરજ પડે છે. પગથીયાં ચઢીને શ્વાસ ચડી જાય તેવી હાલત અહી નગરજનો-અરજદારો અને નગરપાલિકાના કોઈપણ કામે જતા લોકોની થાય છે. જેથી લોકો ભારે યાતના વેઠવા મજબૂર બન્યા છે.

આમ થવાને કારણે આ આપદાથી બચવા વેપારીઓ, વૃદ્ધજનો, વિધવા વૃદ્ધાઓ, નાદુરસ્ત નાગરિકો તથા લગભગ મોટાભાગના લોકો નાના સામાન્ય કામ માટે ન.પા.માં જવાનુ જ ટાળે છે. આમ થતાં તેઓના કામ રઝળી પડે છે અને ચોક્કસ પ્રકારની સુવિધાઓથી તે વંચિત રહી જાય છે. જેથી નગરજનોની બુલંદ માંગણી અને લાગણી છે કે તલોદ ન.પા.ના બિલ્ડીંગમાં લિફટની સુવિધા તાકીદે ઉપલબ્ધ કરાવવી જોઈએ. બિલ્ડીંગમાં લિફટ માટેની જગ્યા પણ ખાલી રાખેલ છે. તો તે જગ્યામાં તાકીદે સારી લિફટ લગાવી દેવાની અને તેની સુવિધા જાહેર પ્રજાજનો માટે ખુલ્લી મુકવાની તાતી જરૂર જણાય છે.

લાખ્ખો-કરોડોના ખર્ચે વિકાસના/બાંધકામના કામ કરતી આ તલોદ નગરપાલિકાને તેની બિલ્ડીંગમાં લિફટ વસાવવી એ કોઈ મોટી વાત નથી. અહીં કામ માટે આવતા પ્રજાજનોને ઉપરથી નીચે અને નીચેથી ઉપર એક-બે વાર જવાનુ થાય છે. ત્યારે તેઓના હાંજા ગગડી જાય તેવી દયનીય સ્થિતિનો તેઓ ભોગ બને છે.

વેપારીઓ અને ખાસ કરીને વેપારીઓના કર્મચારીઓને તથા ઉંમરલાયક તમામ વ્યક્તિઓને તલોદ નગરપાલિકાની બિલ્ડીંગના ત્રીજા માળે પહોંચ્યા બાદનો પળવારનો અનુભવ ભારે દોઝખ હોય છે. મોટાભાગના લોકો તો પળવાર બોલી પણ નથી શકતા અને પોતાના શ્વાસ સુદ્ધાથી ઉપર અસમતુલન જાળવી રાખવા જહેમત ઉઠાવતા હોય છે. પ્રજાની આ વરવી વાસ્તવિકતા વાળી સમસ્યાને હલ કરવા તાકીદે ન.પા.ની બિલ્ડીંગમાં લિફટની સુવિધા ઉપલબ્ધ થાય તે અત્યંત આવશ્યક બાબત લેખાય છે.

વર્તમાન સમયમાં લોકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. બી.પી., ડાયાબીટીસ, હાર્ડ અને હાડકાના વા સહિતના રોગથી લોકો પિડાતા હોય છે.

તલોદમાં ઘરે ઘરે ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યા

સમગ્ર વિશ્વભરમાં કોરોના રાક્ષસના વિનાશ માટે અને ૨૧મી સદીના ઉજ્જવળ ભવિષ્યને સાકાર કરવાં ઘરે ઘરે ગાયત્રી યજ્ઞ અભિયાનનો વિશ્વ વ્યાપી પ્રયોગ રવિવારના રોજ કરવામાં આવ્યો હતો. જેમાં સાબરકાંઠા જિલ્લાના તલોદમાં પરિવારજનોના ૩૦૦ થી વધુ ઘરોમાં તેમજ તાલુકામાંથી અસંખ્ય ઘરોમાં ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો હતો.

વિશ્વના એક કરોડ ઘરોમાં ગાયત્રી યજ્ઞ કર્મકાંડ કરવાનું આહવાન ગાયત્રી શક્તિપીઠ હરિદ્વાર દ્વારા કરાયુ હતુ જેનો વિશ્વ વ્યાપી સમર્થન મળતા એક કરોડથી પણ વધારે ઘરોમાં આ પ્રયોગ થયો હતો તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. સમગ્ર વિશ્વ કોરોનાની મહામારીથી હતપ્રત બન્યુ છે ત્યારે ગાયત્રી મહામંત્ર અને યજ્ઞ થકી આ મહામારીનો વિનાશ કરવાના આ અભિયાનને વ્યાપક સમર્થન પ્રાપ્ત થયુ છે.

પ્રાંતિજ ઉમાધામ ખાતે વિશ્વ શાંતિ માટે શાંતિ યજ્ઞ

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ઉમાધામ ખાતે શ્રી બાવન ગોળ કડવા પાટીદાર સમાજની વાડી ખાતે સમાજના યુવાનો દ્વારા વિશ્વ માટે શાન્તિ યજ્ઞ યોજાયો હતો.

હાલ કોરોના જેવી વૈશ્વિક મહામારીને લઈને દેશ સહિત વિદેશોમાં પણ કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા છે. દેશમાં સંક્રમણ ઓછું થાય સંક્રમીતોની સંખ્યામાં ઘટાડો થાય સંક્રમણ જળવાઈ રહે તે માટે લોકડાઉન ઉપર લોકડાઉન જાહેર કરવામાં આવેલું અને લોકડાઉનને લઈને લોકોના ધંધા રોજગાર ઉપર મોટી અસર જોવા મળી છે. પ્રાંતિજ સહિત તાલુકામાં રહેતા શ્રી બાવન ગોળ કડવા પાટીદાર સમાજના યુવાનો દ્વારા સમાજ સહિત અન્ય સમાજ અને આખા વિશ્વમા શાંતિ બની રહે અને લોકોનું સ્વાસ્થ્યની સાથે ધંધા રોજગાર સારી રીતે ચાલે તે માટે પ્રાંતિજના રેલ્વે સ્ટેશન જીઈબી પાછળ આવેલ ઉમાધામ કડવા પાટીદાર સમાજની વાડી ખાતે આવેલ શ્રી ઉમીયા માતાના મંદિર સંકુલ ખાતે વિશ્વ શાંતિ માટે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યજ્ઞમાં સમાજના બે યુવાનો નિતિનભાઈ પટેલ તથા રિતેષભાઈ પટેલે ભાગ લીધો હતો. બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞ યોજાયો હતો. યજ્ઞના શાસ્ત્રી યોગેશભાઈ દ્વારા ખુબજ સુંદર રીતે શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞ યોજાતા આખુંય વાતાવરણ ભકિતમય બની ગયુ હતું. સમગ્ર યજ્ઞનું આયોજન સમાજના યુવાનો દ્વારા કરવા આવ્યું હતું જેમાં રીતેશભાઈ પટેલ, નિતિનભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, ગણેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, પી.કે. પટેલ સહિત યુવોનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનોએ પણ આ યુવાનોની કામગીરીને બિરદાવી યજ્ઞ માટે મંજુરી આપવામાં આવી હતી.